દસ્તાવેજી પુરાવા સાથે

*જૈન ઈતિહાસમાં પ્રથમ વાર અનુપદાસની અજાણી બાજુઓ ઉપર પ્રકાશ પાડતી*

# અનુપદાસની કરમકુંડળી

અને

# તેના ખૂની કારનામા

✻

## ૧. અનુપદાસના આંધળા અનુયાયીઓનાં કાળાં કારસ્તાન

હમણાં થોડા મહિનાઓ અગાઉ પરવીન બાબીનું અવસાન થયું હતું. એક જમાનાની ખ્યાતનામ હિરોઇન મૃત્યુ પહેલાં પાગલ જેવી થઈ ગઈ હતી અને ચોંકાવનારા બખાળા કરીને ચર્ચાસ્પદ બની હતી. માનસિક સંતુલન ગુમાવી બેઠેલી પરવીન બાબી છેલ્લે ગુમનામ અવસ્થામાં મરી ગઈ અને ત્રણ ચાર દિવસ પછી તેના મૃત્યુની ભાળ દુનિયાને મળી. પરવીન બાબીના બખાળાને સારા કહેવડાવે એવા બખાળા 'જગત હિતકારણી'માં અનુપદાસે કર્યા છે. આ ચોપડી અનેક ગંદાં વિવાદાસ્પદ વિધાનો અને અનુપદાસની ગટરછાપ ગંધાતી માનસિકતાથી છલોછલ ભરેલી છે.

આ ચોપડીની વિશદ ચર્ચા કરીએ તે પહેલાં અનુપદાસના આંધળા અનુયાયીઓનાં કાળાં કારસ્તાન ઉપર એક નજર કરવા જેવી છે. અનુપદાસે સ્થાપેલા અનુપમંડળના બુદ્ધિહીન ભક્તોએ રાજસ્થાનમાં અનેક જૈન સાધુ-સાધ્વીજી મહારાજોને હેરાન કર્યા છે અને મરણતોલ કષ્ટો આપ્યાં છે. આ મંડળ હવે શાંત, સહિષ્ણુ અને પ્રમાણમાં ઉદાર એવા ગુજરાતમાં પણ ઉત્પાત મચાવવા માટે રાજધાનીના પાદરમાં આવી પહોંચ્યું છે અને તેણે જૈનોની વિરુદ્ધમાં પોતાની રાક્ષસી જાળ પાથરવાનું શરૂ કરી દીધું છે.

વીસમી સદીના બીજા દાયકામાં અનુપદાસની ઉશ્કેરણીથી રાજસ્થાનના સિરોહી જિલ્લામાં જૈનો વિરુદ્ધ તોફાનો થયાં હતાં અને કાયદો-વ્યવસ્થાના ગંભીર પ્રશ્નો ઊભા થયા હતા અને તત્કાલીન સિરોહી દરબારને આ તોફાનો સામે પગલાં લેવાની ફરજ પડી હતી. તત્કાલીન અંગ્રેજ સરકારે સિરોહી દરબારને જૈનો વિરુદ્ધનાં તોફાનો કડક હાથે દાબી દેવાની તાકીદ કરી હતી. ઉલ્લેખનીય છે કે અનુપદાસનું વતન સિરોહી પાસે હોવાથી તેની જાતિના અભણ, પછાત અને ગરીબ માણસોને તેણે જૈનોની વિરુદ્ધમાં ઉશ્કેર્યા હતા અને ૧૯૨૦માં અનુપમંડળ નામના તોફાની સંગઠનની સ્થાપના કરી હતી, જેનું એકમાત્ર ધ્યેય જૈનોને પરેશાન કરવાનું હતું. અનુપદાસે પહેલી વાર બહાર પાડેલા પેમ્ફલેટમાં જૈનોને ***'રાક્ષસ'*** તરીકે ઓળખાવ્યા હતા અને દુષ્કાળ, અકાળમૃત્યુ, આકરા તાપ અને કડકડતી ઠંડી માટે જૈનોને જવાબદાર ગણાવ્યા હતા[1]. તેના કહેવા મુજબ *'જૈન વાણિયાઓની રાક્ષસી વિદ્યાઓના કારણે'* આ બધું બનતું હતું અને સિરોહી જિલ્લાના ભોળા અને નવરા અજ્ઞાની માણસો અનુપદાસની માયાજાળમાં સપડાઈને તેના બહેકાવામાં આવીને જૈનો સામે તોફાને ચડતા હતા. અનુપદાસે પોતાના ભક્તોને જૈનોની મારઝૂડ કરવાનો ઉપદેશ આપ્યો હતો. તેણે સાફ શબ્દોમાં લખ્યું છે કે ***'આ સોદાગરોની માર-ઝૂડ કરીને તપાસ કરો.'*** (જગત હિતકારણી પૃ. ૭૬) અનુપદાસની હિંસક માનસિકતા દર્શાવતા આ શબ્દો જુઓ : ***'અમે તમોને તમારા બાળ બચ્ચાં સાથે મારી નાખીશું.'*** (જગત હિતકારણી પૃ. ૭૭)

અન્યત્ર તેણે જૈનોને ***'લંકાના ઢેડ'*** તરીકે ઓળખાવ્યા છે. અનુપદાસના એક સાથી હરચંદ સોનીએ અનુપદાસના કહેવાથી કેટલાંક ભજનો(!) લખ્યાં હતાં જે ભજનો તેની જાહેરસભાઓમાં ગવાતાં હતાં. આ ભજનોમાં જૈનોને અને જૈન સાધુઓને પેટ ભરીને ગાળો ભાંડવામાં આવતી હતી. સિરોહી પ્રાન્તમાં આ લોકોએ કેટલાક જોડકણાં પણ પ્રચલિત કર્યાં હતાં, જેમાં જૈન મુનિઓની ઠેકડી ઉડાડવામાં આવતી હતી. એક મારવાડી જોડકણાનો નમૂનો : ***'સીસમ રી લકડી રેશમ રા ડોર, વૉણિયા રા બાવસી પક્કા ચોર.'***

અનુપદાસની આગેવાની હેઠળ ૧૯૨૦માં સિરોહી વિભાગમાં એક મોરચો કાઢવામાં આવ્યો હતો અને તેમાં જૈનોને

---

1. Notification by Durga Prasad, deputy secretary, Home Dept, Government of Rajasthan, 5 Aug. 1957, Rajasthan Gazette, ix (1957), p. 270; Sirohi Jila Jain Sangh [the Sirohi District Jain Association] to chief minister of Rajasthan, 10 Oct. 1963. I am grateful to Denis Vidal for providing me with copies of the latter document, and of those cited in nn. 108, 109, 112 and 113 below, all of which are from the registry of the Home Department, Government of Rajasthan, Jaipur.

*'અનુપદાસનાં વચનો સ્વીકારવા'* સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા. આ મોરચામાં સામેલ થયેલા તોફાનીઓએ પાડવા ગામમાં જૈન ઉપાશ્રય ઉપર હિંસક હુમલો કર્યો હતો, એટલું જ નહીં, અનુપદાસના ઇશારે તે ઉપાશ્રયમાં બિરાજેલા જૈન મુનિઓને પણ હુમલામાં નિશાન બનાવ્યા હતા અને પ્રાચીન હસ્તલિખિત ગ્રંથોને સળગાવી દીધા હતા.[2] અનુપદાસના આ ઝેરીલા પરાક્રમથી સરકાર પણ ખળભળી ઊઠી હતી અને સરકારના આદેશથી પોલીસે અનુપદાસના કુટુંબી જેસા સુથાર સહિત પંચોતેર અનુયાયીઓને પકડી લીધા હતા અને ટ્રાયલ ચાલ્યા બાદ આમાંના છેંતાલીસ તોફાનીઓને ત્રણથી નવ મહિનાની જેલની આકરી સજા થઈ હતી. અનુપદાસના ગોરખધંધાથી ચોંકી ઊઠેલી સરકારે 'જગત હિતકારણી'ની કોપીઓ જપ્ત કરીને તેનો નાશ કરાવ્યો હતો અને તેની ઉપર પ્રતિબંધ મૂકી દીધો હતો.[3]

અનુપદાસના અનુયાયીઓએ જો કે 'જગ હિતકારણી' ઉપરના પ્રતિબંધની પરવા કર્યા વિના જૈનો વિરોધી ભેદી પ્રવૃત્તિઓ ચાલુ જ રાખી હતી અને હવે તેમણે ગામેગામ અનુપદાસના ફોટાઓ દર્શાવવાનું ચાલુ કરી દીધું હતું. આખરે સિરોહી દરબારે અનુપદાસની અસામાજિક અને જૈનો વિરોધી પ્રવૃત્તિઓથી તંગ આવી જઈને અનુપમંડળ ઉપર પણ પ્રતિબંધ લાદી દીધો હતો. તેમ છતાં ભૂગર્ભમાં તો અનુપદાસની પ્રવૃત્તિઓ ચાલુ જ રહી હતી.

સન ૧૯૩૦માં રાષ્ટ્રવાદી ચળવળે જોર પકડ્યું હતું અને સિરોહી સ્ટેટના લોકોએ પણ સિરોહી દરબાર પાસે લોકતાંત્રિક સુધારાઓની માગણી કરીને આંદોલન ચલાવ્યું હતું. આ વખતે તક સાધીને અનુપમંડળના લોકો સિરોહી દરબારની પડખે ચડી ગયા હતા અને જૈનો વિરુદ્ધ તેમની બરાબર કાનભંભેરણી કરી હતી. અનુપમંડળની ઉશ્કેરણીથી આશ્ચર્યજનક રીતે સિરોહી દરબાર પણ ધીમે ધીમે જૈનો વિરોધી બની ગયા હતા અને તેમણે સન ૧૯૪૩-૪૪માં પોતાના રાજ્યમાં જૈનોને ખેતીની જમીનો ખરીદવા ઉપર પ્રતિબંધ મૂકી દીધો હતો! અને સ્વાર્થી સિરોહી દરબારે અનુપમંડળ ઉપરના પ્રતિબંધોને હળવા કરી દીધા હતા. જુઓ, અનુપદાસ પોતે જ લખે છે : ***'સને ૧૮૮૧થી કોશિશ કરી રહ્યો છું. તો ત્યારથી કોશિશ કરતાં કરતાં અમુક રજવાડાઓને સમજાવીને મારી તરફેણમાં કરી લીધા છે.'*** (જગત હિતકારણી પૃ. ૧૬૧)

દેશદ્રોહી અનુપદાસે તો ભારતમાં ચાલતી રાષ્ટ્રીય ચળવળમાં અંગ્રેજોને સાથ આપ્યો હતો અને બદલામાં જૈનોની વિરુદ્ધમાં તેમનો ટેકો માગ્યો હતો. તેણે અંગ્રેજ સરકારને મસ્કા મારવા માટે જૈનોની વિરુદ્ધમાં લખ્યું હતું : ***'આ જાળ તમારા અંગ્રેજોનાં સંતાનોથી જ બંધ કરાવી શકાશે.'*** (જગત હિતકારણી પૃ. ૨૦૭)

જો કે આખરે આઝાદી તો આવીને જ રહી હતી અને સિરોહી દરબારનાં રાજપાટ ડૂલ થયાં હતાં, સિરોહી સ્ટેટ ભારતના નવા રાજસ્થાન રાજ્યમાં એક જિલ્લો માત્ર બનીને રહી ગયું હતું. જો કે તેમ છતાં અનુપમંડળની જૈનો વિરોધી પ્રવૃત્તિઓ તો ચાલુ જ રહી હતી અને મંડળ આ આધુનિક વૈજ્ઞાનિક યુગમાં પણ દુષ્કાળ, વાવાઝોડાં, અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ વગેરે કુદરતી આફતો માટે જૈનોને જ જવાબદાર ઠરાવતું હતું, એટલે સુધી કે શીતળા અને પ્લેગ વગેરે રોગો પણ જૈનો પોતાની રાક્ષસી વિદ્યાઓથી ફેલાવે છે એવો પ્રચાર કરતું હતું! નવાઈની વાત તો એ છે કે તેને તેની વિચારધારામાં હા-જી-હા કરનારા મૂર્ખ લોકો આવા વૈજ્ઞાનિક યુગમાં પણ મળી આવતા હતા! અનુપદાસના કહેવા મુજબ તો સૂર્યગ્રહણો અને ચંદ્રગ્રહણો પણ જૈનોની મેલી વિદ્યાના કારણે જ થાય છે! તે તો એટલે સુધી કહે છે કે ધરતીકંપો પણ જૈનો જ કરાવે છે! છે ને બુદ્ધિના બ્રહ્મચર્યનો *'ઉત્તમ'* નમૂનો!

સન ૧૯૬૩માં રાજસ્થાનના જૈનોએ અનુપમંડળનાં કારસ્તાનો અને ગંદા પ્રચારથી ગળે આવી જઈને તત્કાલીન મુખ્યમંત્રી મોહનલાલ સુખડીયાને આવેદનપત્ર આપીને તેની વિજ્ઞાનવિરોધી, જૈનવિરોધી, માનવતાવિરોધી પ્રવૃત્તિઓનો વ્યાપક ચિતાર આપ્યો હતો.[4] ૧૯૬૦ના દાયકામાં અનુપમંડળે રાજસ્થાનના જાલોર, પાલી, બાડમેર અને ઉદયપુર જિલ્લાઓમાં તેમ જ ગુજરાતના સાબરકાંઠા જિલ્લામાં પોતાનાં કાર્યોનો ફેલાવો કર્યો હતો.

પરાપૂર્વથી રાજસ્થાન એ પોતાના દુષ્કાળો માટે જાણીતો પ્રદેશ છે. વરસાદ થવો ન થવો કુદરતને આધીન છે. પરંતુ અનુપદાસ અને તેના બુદ્ધિહીન અનુયાયીઓ આ વાત નથી સ્વીકારતા. આથી જ જ્યારે ૧૯૬૩માં રાજસ્થાનમાં વરસાદ ઓછો થયો ત્યારે *'જૈનો અને તેના સાધુઓ વરસાદ રોકવાની ક્રિયા કરે છે'* એવા આક્ષેપો સાથે અનુપમંડળના ચારસો માણસોના ટોળાએ જૈન દેરાસર ઉપર હુમલો કર્યો હતો અને ચાતુર્માસ કરી રહેલા પાંચ જૈન મુનિઓ ઉપર બેરહમ અત્યાચારો ગુજાર્યા હતા અને *'જો ચાતુર્માસ ગાળી રહેલા જૈન મુનિઓ પોતાનાં વ્યાખ્યાનો બંધ ન કરે અને ત્યાંથી ચાલ્યા ન જાય તો'* તેમની હત્યા કરવાનું એલાન કર્યું હતું. ફરીથી

---

**2.** At the village of Padwa they attacked a Jain dharmsala (rest-house), beating the Jain sadhus and burning some old manuscripts. (USURY, DEARTH, AND FAMINE IN WESTERN INDIA. **David Hardiman**)

**3.** Home Dept, Government of Rajasthan, Jaipur, summary of criminal case no. 339 of 1919-20, Sirohi state (Panch Mahajans of Jawal, Barloot, Bhav, Arathwara aud Sanwara v. Jesa Suthar and seventy-four others), by Maganlal Mehta, judicial officer, Sirohi state, 30 June 1920, reproduced as "Appendix A", Sirohi Jila Jain Singh to chief minister of Rajasthan, 10 Oct. 1963.

**4.** In 1963 some Jain Baniyas of Sirohi complained a letter to the chief minister of Rajasthan of the continuing activities of the Anup Mandal. (USURY, DEARTH, AND FAMINE IN WESTERN INDIA. **David Hardiman**)

બે દિવસ પછી અનુપમંડળના બસ્સો માણસોએ નજીકના બીજા દેરાસર ઉપર હુમલો કર્યો હતો અને ઉપાશ્રય ઉપર પથ્થરમારો કરીને *'જૈન સાધુઓને મારી નાખો'*અને *'વાણિયાઓને ફેંકી દો'*ના નારા લગાડ્યા હતા. આ બનાવમાં સંખ્યાબંધ જૈનો ઘવાયા હતા અને એક વ્યક્તિને હોસ્પિટલમાં દાખલ કરવી પડી હતી.

સાબરકાંઠાના વિજયનગરમાં પણ સન ૧૯૮૫માં ઓછા વરસાદથી ભડકેલા ભીલોએ જૈન દેરાસર ઉપર હુમલો કર્યો હતો, સ્થાનિક જૈનોએ થોડાક સમય માટે જૈન મુનિઓને ત્યાંથી ખસેડી લીધા હતા. ભીલોના હુમલાના કારણે મુનિઓ કેટલાક દિવસો સુધી ગોચરી વિનાના રહ્યા હતા. આ જ વરસમાં કેટલાક ભીલોએ અનુપમંડળના ઈશારે ઉદયપુર જિલ્લામાં પણ કેટલાક સાધુઓ ઉપર હુમલો કરીને તેમના પગ ભાંગી નાખ્યા હતા. આ ભીલોના મનમાં અનુપમંડળે ઝેર રેડીને એવું ઠસાવી દીધું હતું કે *'જૈન સાધુઓ વરસાદ રોકવાની ક્રિયા કરીને તેમને રીબાવીને મારી નાખવા માગે છે!'*

સન ૧૯૮૬માં સાબરકાંઠામાં આવેલા જૈન તીર્થ પોશીનામાં અનુપમંડળ સમર્થિત ભીલ લોકોએ સરઘસ કાઢીને જોરજોરથી ઘાંટા પાડીને સ્થાનિક જૈનોને તેમનાં ઘરોમાંથી બહાર નીકળવા ફરજ પાડી હતી. જૈનો પણ એમ સમજીને તેમની દાદાગીરીને તાબે થયા હતા કે જો તેઓ બહાર નહીં નીકળે તો આ ભીલ લોકો તેમનાં ઘરો બાળી નાખશે. ભીલોએ જૈનોને તેમના માથા ઉપર પાણી ભરેલાં માટલાં ઉપાડવાની ફરજ પાડી હતી અને પછી એ માટલાં સામે તેઓએ બાણ ચલાવીને પાણી ભરેલાં માટલાં ફોડી નાખ્યાં હતાં! ભીલો દ્વારા કરાયેલું આ એક પ્રકારનું 'રેગિંગ' હતું. વૈચારિક રીતે પછાત એવા ભીલો માનતા હતા કે આમ કરવાથી જૈનો વરસાદ રોકવાની ક્રિયા કરે છે તે નિષ્ફળ થઈ જશે! સાબરકાંઠામાં આવી જ રીતે અઢાર જ વરસના ગાળામાં ત્રણ વખત જૈનોની સતામણી કરવામાં આવી હતી.[5] **આ ત્રણે બનાવો પ્રસંગે પોલીસની નિષ્ક્રિયતા ઊડીને આંખે વળગે એવી રહી હતી અને જૈનો ભગવાન ભરોસે ફફડતા રહ્યા હતા.**

અનુપદાસની અને તેણે સ્થાપેલા અનુપમંડળનાં કારસ્તાનોની આ તો માત્ર નમૂનારૂપ ઝલક છે. એનાં સમગ્ર કારનામાં લખવાની આ જગ્યા નથી અને જરૂર પણ નથી.

***

## ૨. અનુપદાસ કોણ હતો?

અનુપદાસ એક અભણ માણસ હતો, જે મારવાડના સુમેરપુર તાલુકાના બાંગડી ગામમાં જન્મ્યો હતો. સુથાર કોમના હીરાસિંઘ મદરેચાના નાના પુત્ર અનુપદાસની માનું નામ જૈતબી હતું. અનુપદાસનો મોટો ભાઈ ભીમસિંઘ હતો. ૧૭ એપ્રિલ ૧૮૪૮ના રોજ જન્મેલો અનુપદાસ મુખ્યત્વે ગામના સુખી લોકોની ગાયો ચરાવવાનું કામ કરતો હતો અને એમાંથી પોતાનું પેટિયું રળી ખાતો હતો. પણ એના મનમાં ખૂબ ધન ભેગું કરવાની ખ્વાહિશ સળવળ્યા કરતી હતી. આ ખ્વાહિશ પૂરી કરવા માટે મહેનત કે ધંધો રોજગાર કરવાના બદલે તેણે લોકોની ગાયોનું દૂધ કાઢી લઈને બારોબાર વેચી મારવાનું ચાલુ કર્યું હતું. પણ ગાયોના માલિકોમાં ગાયોનું દૂધ ઓછું આવવાની ફરિયાદો ઊભી થવાથી આખરે તેની દૂધચોરીનો ભાંડો ફૂટી ગયો હતો અને લોકો દ્વારા હડધૂત થવાથી અનુપદાસ એક દિવસ ચુપચાપ ગામ છોડીને ભાગી ગયો હતો.

હકીકતે આ માણસનું મૂળ નામ અનુપદાસ નહીં પણ ઓખસિંઘ હતું. પરંતુ ચોરીના મામલામાં તે પોતાના સમગ્ર તાલુકામાં બદનામ થવાથી હવે પોતાને ક્યાંય આશરો નહીં મળે એવી બીકના કારણે તેણે પોતાનું નામ બદલીને અનુપદાસ કરી નાખ્યું હતું.

'અનુપદાસ' તરીકેની નવી ઓળખ ધારણ કર્યા પછી તેના વતનની પાસેના જ પાલડી (તા. સુમેરપુર, રાજસ્થાન) ગામમાં તેના ઈતિહાસથી અજાણ એવા એક દયાળુ જૈને તેને પોતાની દુકાનમાં નોકર તરીકે રાખી લીધો હતો અને તેને પોતાના ઘરનાં નાનાં-મોટાં કામ પણ સોંપ્યાં હતાં. ચોરીની આદતથી મજબૂર એવા અનુપદાસે પોતાના કપરા સમયમાં આશરો આપનાર જૈનના ઘરમાં જ દાગીનાની ચોરી કરી હતી અને તેની ઝડતી લેવાતાં તેની પાસેથી મુદ્દામાલ મળી આવ્યો હતો. શેઠે તેની સામે કાનૂની કાર્યવાહી કરવાથી ત્યાંથી પણ અનુપદાસને ભાગી જવું પડ્યું હતું. મનોમન ધૂંધવાયેલા અનુપદાસે પોતાની સામે કાનૂનનો દંડો ઉગામનાર જૈન શ્રેષ્ઠીને સબક શીખવવાની પોતાના મનમાં મજબૂત ગાંઠ વાળી હતી. ધીમે ધીમે તેના શેતાની મગજમાં વાણિયા લોકોને લૂંટવાનો વિચાર ઘર કરતો ગયો હતો. તેણે ધારી લીધું હતું કે બધા વાણિયા બહુ પૈસાદાર હોય છે. તેમને લૂંટી લેવામાં આવે તો પરસેવો પાડ્યા વગર ઘણું ધન ભેગું કરી શકાય.[6]

પૈસા ભેગા કરવાની લ્હાયમાં તે જુદી જુદી જગ્યાએ નોકરીઓ કરતો, પણ કામચોરીની આદતથી પીડાતો અનુપદાસ થોડા સમયમાં જ કાં તો પોતે કંટાળીને નોકરી છોડીને ભાગી જતો અથવા તો તેને તેના ખરાબ વર્તાવના કારણે નોકરીમાંથી કાઢી મૂકવામાં

5. This was in third time that this ritual had been repeated in eighteen years. (USURY, DEARTH, AND FAMINE IN WESTERN INDIA. **David Hardiman**)

આવતો. આ સમયગાળામાં તેણે થોડા સમય માટે જોધપુર સ્ટેટમાં વોચમેન તરીકે નોકરી પણ કરી હતી અને ફરજના ભાગ રૂપે તેને સરકારી ગેસ્ટહાઉસમાં મૂકવામાં આવ્યો હતો. પરંતુ ઉપરી અધિકારીઓની સામે થઈ જવાની તેની ખરાબ આદતના કારણે આ બન્ને જગ્યાએથી તેને નોકરીમાંથી કાઢી મૂકવામાં આવ્યો હતો.

આમ ને આમ રઝળપાટમાં ને રઝળપાટમાં બારેક વરસ કાઢી નાખીને છેવટે તેને પોતાનું વતન અને પોતાની મા સાંભરી આવતાં તેણે બાંગડી પાછા ફરવાનું નક્કી કર્યું હતું. જોધપુરથી બાંગડી જવા નીકળેલા અનુપદાસને પાલી શહેર (રાજસ્થાન) પાસેના ખોડ ગામમાં નાથ સંપ્રદાયના ભવાનીનાથ નામના સાધુ સાથે મુલાકાત થઈ હતી. આ સાધુને તેણે માલદાર થવાનો કોઈ કીમિયો હોય તો બતાવવા કાકલૂદી કરી હતી. ભવાનીનાથને પણ તેના દેદાર જોઈને દયા આવવાથી તેને પોતાની સાથે જંગલમાં આવીને પોતે કહે તેવી સાધના કરવા તૈયાર હોય તો તે જરૂર માલદાર થઈ શકે તેમ કહ્યું હતું. અનુપદાસ પણ તેમની સાથે જવા તૈયાર થયો હતો અને મનોમન *'હવે તો માલદાર બન્યા પછી જ વતનમાં જઈશ અને વાણિયાઓને મારો વટ દેખાડી દઈશ'* એવા તરંગી ખ્વાબોમાં રાચવાનું શરૂ કરી દીધું હતું. ગમે તેમ, પણ વાણિયાઓને દેખાડી દેવાના વિચારો તેનો પીછો જ છોડતા નહોતા.

ભવાનીનાથ સાથે રવાના થયા પછી પોતાના ખરાબ સ્વભાવના કારણે ત્રણ ચાર દિવસમાં જ અનુપદાસને તેમની સાથે પણ વાંધો પડ્યો હતો અને તેણે સાધુ ભવાનીનાથને તત્કાલીન મારવાડમાં બોલાતી છેલ્લી કક્ષાની ગંદી ગાળો ભાંડી હતી. આથી ભડકી ઊઠેલા ભવાનીનાથે પોતાનું ત્રીજું નેત્ર ખોલ્યું હતું અને લાલ આંખ કરીને તેના બરડામાં લાંબો ચીપિયો ફટકારી દીધો હતો. મોતના ભયથી ફફડી ઊઠેલો અનુપદાસ માંડ માંડ પોતાનો જીવ બચાવીને ત્યાંથી મુઠ્ઠીઓ વાળીને નાઠો હતો. એ જ વખતે તેને જૈનોના અને અન્ય સંપ્રદાયના સાધુઓનો પાયાનો તફાવત સમજાઈ ગયો હતો.

રસ્તામાં મનોમન પોતાનો દુઃખમય ભૂતકાળ વાગોળતાં વાગોળતાં એમાંથી બોધપાઠ લઈને પોતાના જીવનમાં સુધારો લાવવાના બદલે ફરી એક વાર તેના મનમાં *'વાણિયાઓને લૂંટવાના'* ઇરાદાઓ સળવળવા માંડ્યા હતા. પૈસાદાર થવાનો તેની પાસે હવે તો આ એક જ 'શોર્ટ કટ' બચ્યો હતો. એના મનમાં એક જ વિચાર ઘર કરી ગયો હતો કે 'બાર બાર વરસની મારી રઝળપાટ અને દીનહીન દશા માટે માત્ર અને માત્ર જૈન વાણિયાઓ જ જવાબદાર છે. હું એક દિવસ જરૂર વાણિયાઓ સામે બદલો લઈશ.' આમ ને આમ બદલાની આગમાં શેકાતો અનુપદાસ એક દિવસ ફરી પાછો પોતાના વતનની નજીક પહોંચી ગયો હતો.

તેના વતનની આસપાસ એટલે કે સુમેરપુર તાલુકાના વિસ્તારોમાં એ સમયે જૈનો બહુ મોટી સંખ્યામાં વસતા હતા. જૈન ધર્મના સાધુ-સાધ્વીઓને મળતા માનપાનથી પણ તે સારી રીતે વાકેફ હતો. તે જોતો કે જૈન લોકો પોતાના ધર્મગુરુના એક જ વચન ઉપર લાખો રૂપિયા વાપરી નાખતા હતા. આ જોઈને તે પણ મનોમન વિચારતો કે 'હું પણ મારા ધરમનો સાધુ બની જાઉં તો મને પણ આવાં માનપાન મળે.' પરંતુ પોતાના શૈક્ષણિક પછાતપણાથી સભાન હોવાથી તે સાધુ બની જતાં ગભરાતો હતો.

અનુપદાસ અભણ અને અક્ષરજ્ઞાન વગરનો હોવા છતાં એક કુદરતી વરદાન રૂપે પોતાની વાત બીજાના મનમાં ઠસાવવામાં તે માહેર હતો. તે સારી વાક્છટા પણ ધરાવતો હતો. આથી તેણે પોતાની વાક્છટાનો ઉપયોગ કરીને પોતાના સિક્કા જમાવવાનું મનોમન નક્કી કરી લીધું હતું અને પોતાના પ્લાનના ભાગરૂપે અનુપદાસે પોતાના શેતાની ભેજામાંથી એક નવો જ કીમિયો શોધી કાઢ્યો હતો. તેણે દાઢી વધારીને મુસ્લિમ ફકીર જેવો વેષ પહેરી લીધો હતો.[7] આ ભેજાબાજ માણસને ખાતરી હતી કે સાધુ જેવા દેખાઈશું તો ***'વૉણિયા રા બાવસી રે જ્યું'*** (વાણિયાઓના મહારાજોની જેમ) તેને પણ માનપાન મળશે. કંઈક અંશે તેની ધારણા સાચી પણ નીવડી હતી. એક તો ફકીર જેવાં કપડાં, વધારેલી દાઢી અને ઉપરથી થોડી ઘણી વાક્છટા; આ બધાનો મેળ થવાથી ગામડાના પછાત, ભોળા અને ગરીબ માણસો તેને સાધુ મહાત્મા સમજીને માનપાન આપતા પણ ખરા.

પોતાના વતનમાં પરત ફર્યા પછી તે આટલાં વરસ ક્યાં હતો એવા પોતાના જૂના પરિચિતોના સવાલના જવાબમાં પોતે સાધુ બની જઈને ઘોર જંગલોમાં કેવી રીતે બાર બાર વરસ સુધી આકરી તપસ્યા કરી તેની કાલ્પનિક વાતો ઉપજાવીને લોકોની સામે કહેતો. તે કયા ગુરુનો ચેલો છે અને તેના ગુરુ ક્યાં છે વગેરે સવાલોના જવાબો તે સીફતથી ઉડાડી દેતો અને પછી દયામણું મોં કરીને આકાશ તરફ બે હાથ ફેલાવી દેતો.

અનુપદાસના આકાશ તરફના ઇશારાથી બિચારા અભણ લોકો અને તેના જૂના પરિચિતો એમ સમજતા કે તેના ગુરુ દેવ થઈ ગયા છે અને ઉપર સ્વર્ગમાં ચાલ્યા ગયા છે!

ચાલાક અનુપદાસે ગરીબ, અભણ, નવરા, કામધંધા વગરના અને માનસિક તેમ જ સામાજિક રીતે પછાત એવા લોકોના મનમાં એક વાત બરાબર ઠસાવી દીધી હતી કે પોતાને જે ચોરીના આરોપસર ગામ છોડવું પડ્યું હતું એ ગાયોના દૂધની ચોરી પોતે

---

**6.** જુઓ, ટિપ્પણ નં. ૧૦.

**7.** He also began to dress as a religious mendicant. (USURY, DEARTH, AND FAMINE IN WESTERN INDIA. **David Hardiman**)

ક્યારેય કરી જ નહોતી. પણ *'વાણિયા લોકો જાદુથી ગાયોનાં આંચળમાંથી દૂધ કાઢી લેતા હતા અને પોતે તો ચોરીનો આરોપ પામીને વગર કારણે બદનામ થયો હતો.'* આથી પોતે વૈરાગી બનીને જંગલોમાં બાર વરસ સુધી ઘોર તપસ્યા કરી હતી અને *'ભગવાનના હુકમથી'* તે પોતાના ગામના *'ગરીબ માણસોની સેવા કરવા'* પરત ફર્યો છે. *જૈન શ્રાવકના ઘરમાં કરેલી દાગીનાની ચોરીવાળો મુદ્દો* તેણે ચાલાકીથી ઉડાડી મૂક્યો હતો.

*'ભગવાને આપેલા હુકમના કારણે'* જ પોતે 'ઓખસિંઘ'માંથી 'સંત અનુપદાસ' બન્યો છે એમ તેણે લોકોને ભરમાવવાનું શરૂ કરી દીધું હતું અને ચાલાકીથી પોતાના નવા નામની આગળ પોતાની જાતે જ 'સંત'નું વિશેષણ લગાડી દીધું હતું.

પોતાની વાક્છટાનો ઉપયોગ કરીને તે બીડીઓ ફૂંકીને ટાઇમ પાસ કરતા નવરાધૂપ ગ્રામીણ લોકોને ભેગા કરીને પોતાની બડાઈઓ હાંક્યા કરતો. ખાસ કરીને તે દરરોજ પોતાને આવેલાં જુદી જુદી જાતનાં સપનાંની ઉપજાવી કાઢેલી વાતો લોકોને કહેતો. જેમકે તેને ભગવાને સપનામાં આવીને આમ કહ્યું અને તેમ કહ્યું.

ઘોર જંગલમાં આકરી તપસ્યા કરતી વખતે પોતાને કેવી રીતે ભગવાને દર્શન આપ્યાં હતાં એની કાલ્પનિક કથાઓ કહીને તે ગ્રામીણ લોકોની વચ્ચે પોતાની જાતે જ પોતાની પીઠ થાબડ્યા કરતો.

તે કહેતો કે ભગવાન તો ગરીબ લોકોનું બહુ જ ભલું કરવા ચાહે છે પણ અમુક *'મેલાં તત્ત્વો'* ભગવાનના કામમાં વિઘ્ન નાખીને ગરીબોનું ભલું થવા દેતાં નથી. પહેલાં તો અનુપદાસ લોકોના મનમાં તે મેલાં તત્ત્વો કોણ હશે તે અંગે જિજ્ઞાસા ઊભી કરે પછી તેમને જ જવાબ પૂછે : *'તમને શું લાગે છે, એ મેલાં તત્ત્વો કોણ હશે?'*

હવનમાં હાડકાં નાખનારાઓની કથાઓ તો બધાએ સાંભળી જ હોય, એટલે ભોળા ગરીબ માણસો તરત જવાબ આપે કે *'એ મેલાં તત્ત્વો એટલે રાક્ષસો.'*

*'શાબ્બાશ.'* પોતાને આ જ જવાબની અપેક્ષા હોવાથી આફરીન થઈને તે લોકોને પોરસ ચડાવે : *'હવે તમે બોલ્યા એ સાચું.'* રાક્ષસો જ ભગવાનના કામમાં વિઘ્ન નાખે છે. ખુદ ભગવાને પણ મને આમ જ કહ્યું છે. પછી ધીમે રહીને ઉમેરે : *'એ રાક્ષસોનો નાશ કરવાનું કામ ભગવાને મને સોંપ્યું છે.'* લોકો અહોભાવથી તેની સામે જોઈ રહે એટલે તે ગરમ લોઢાને ટીપી નાખતો હોય એમ સામો સવાલ કરે : *'તમે મને ભગવાનના કામમાં સાથ આપશો ને?'* 'ભગવાનના કામ'માં સાથ આપવાનો હોવાથી બિચારા ભોળા લોકો તરત હા પાડી દે. પછી ફરી પોતાની ચાલાકીનો ઉપયોગ કરીને અનુપદાસ ધીરેથી વાતમાં મમરો મૂકે : *'ધ્યાન રાખજો હો, કળિયુગના રાક્ષસોના માથે શિંગડાં નથી હોતાં!'*

ચાલાક ઓખસિંઘ એટલે કે જાતે બની બેઠેલા 'સંત અનુપદાસ'ને પોતાના વતનમાં પોતાની નવેસરની જિંદગીના થોડા જ દિવસોમાં ખાતરી થઈ ગઈ હતી કે ***'આ ગરીબ માણસોના ખભે બંદૂક મૂકીને જ વાણિયા લોકોને આસાનીથી ઠાર મારી શકાશે.'*** બાર બાર વરસ સુધી આમ તેમ ઠોકરો ખાઈને તેના માથાનાં પળિયાં પણ સફેદ થઈ ચૂક્યાં હતાં અને લુચ્ચાઈની સાથે સાથે હવે તેનામાં ખંધાઈનો પણ પ્રવેશ થઈ ચૂક્યો હતો અને તેનું શેતાની દિમાગ પહેલાં કરતાં પણ વધુ તેજ ગતિથી કામ કરતું થઈ ગયું હતું.

***

૨૨ જૂન ૧૯૨૧ના બુધવારે સુમેરપુરમાં અનુપદાસ મરી ગયો ત્યાં સુધીમાં તેણે આખા સિરોહી, પાલી અને ઝાલોર પ્રાન્તના જૈનોમાં હાહાકાર મચાવી દીધો હતો. પોતાના મોતના આગલા વરસે સન ૧૯૨૦માં તેણે 'અનુપમંડળ'ની સ્થાપના કરી હતી. આ પહેલાં પણ જૈનો વિરુદ્ધની બધી પ્રવૃત્તિઓ તેના સીધા આદેશ અને સીધી દેખરેખ નીચે જ થતી હતી. એક જમાનામાં કાઠિયાવાડના લોકો જેમ ડાકુ ભૂપતના નામથી ફફડતા હતા તેમ રાજસ્થાનમાં જૈનો પોતાને સંત ગણાવતા ડાકુ અનુપદાસથી ફફડતા હતા.

આ માણસ સામાજિક રીતે પછાત અને માનસિક રીતે જડ એવા સમાજના લોકોમાં હિરો હતો. આજે પણ રાજસ્થાનમાં એ સમાજના લોકો શિક્ષણના ક્ષેત્રે ખાસ આગળ વધ્યા નથી તો એ યુગના અશિક્ષિત પછાત લોકોની માનસિકતા કેવી હશે એ સમજવું મુશ્કેલ નથી. આવા પછાત લોકો કે જેમાંના મોટા ભાગનાઓ પાસે સમય પસાર કરવાનું કોઈ સાધન નહોતું અને આમ તેમ આંટાફેરા મારીને દિવસો ગુજારી દેતા હતા તેવા નવરા લોકોને અનુપદાસે આબાદ રીતે પોતાની જાળમાં લપેટ્યા હતા. તેના ઈશારે હજારો જૈનોની સંપત્તિઓ લૂંટવામાં આવી હતી, તેના અનુયાયીઓએ કેટલાંયે જિનમંદિરોમાં તોડફોડ કરીને નુકસાન કર્યું હતું, કેટલાયે જૈન મુનિઓ ઉપર જીવલેણ હુમલાઓ થયા હતા અને અનેક જૈન જ્ઞાનભંડારોને આગ ચાંપવામાં આવી હતી.

***

## ૩. 'जगत हितकारनी'ના પ્રકાશનનો ઈતિહાસ

અનેક જૈનોની સંપત્તિ લૂંટીને અનુપદાસે એ જ ધનમાંથી 'जगत हितकारनी' નામનું પુસ્તક હિન્દી ભાષામાં છાપ્યું હતું.

'जगत हितकारनी' પુસ્તકમાંનાં જૈનો સામે ખુલ્લેઆમ *'મારો, કાપો'* જેવા શબ્દો દ્વારા હિંસાનો પયગામ રજૂ કરતાં લખાણો અને ચીતરી ચડે તેવી ગંદી ભાષાના કારણે કોઈ પ્રિંટિંગ પ્રેસનો માલિક તેનું પુસ્તક છાપવા તૈયાર થતો નહોતો અને પ્રેસના નામઠામ

વગર આ પ્રકારનું પુસ્તક છાપનાર પ્રેસના માલિકને જેલની સજા થાય તેવા બ્રિટિશ ગવર્નમેન્ટના કડક કાયદા હતા[8] તેથી કોઈ પણ પ્રેસમાં તેનું પુસ્તક છાપી શકાય તે શક્ય નહોતું, આવા સંજોગોમાં અનુપદાસે રીતસર પોતાનો પ્રિંટિંગ પ્રેસ ખરીદ્યો હતો! વાચકો ધ્યાનમાં લે કે જે જમાનામાં ભારતમાં પ્રેસ આયાત કરવો એ મોટા મોટા ઉદ્યોગપતિઓ માટે પણ ધોળા દિવસે તારા જોવા જેવું કામ હતું એ જમાનામાં ખોબા જેવડા તદ્દન પછાત કલાંપુરા (તા. સુમેરપુર) જેવા પાંચસો માણસની વસ્તીવાળા ગામડામાં પ્રેસ નાખવો એ કેવું મુશ્કેલ કાર્ય હશે! એરણપુરા[9] પાસેના કલાંપુરા ગામમાં મુશ્કેલીથી બે-ચાર જણા પાસે જ સાઈકલ જેવું *'આધુનિક વાહન'* હતું એ યુગમાં ગરીબ ઘરમાં જન્મેલા અનુપદાસે રીતસર પોતાનો પ્રિંટિંગ પ્રેસ ખરીદ્યો હતો! એક સમયનો આ ગરીબ માણસ જૈનોના પૈસા લૂંટી[10]ને કેટલો ધનવાન બની ગયો હતો એ આના પરથી સમજી શકાય છે! પોતાની જ માલિકીના 'અનુપદાસ પ્રિંટિંગ પ્રેસ'માં


ॐ

किताब मुफीद आंम मोसुम व

जगत हितकारनी

अज तसनीफ

साध अनुपदास

मुतवतन मुल्क मारवाड

यह जगत हितकारनी

जिसको

श्री अनुपदास – प्रींटिंग प्रेस

छावणी ऐरनपुरामें छापके

प्रसिद्ध किया

ता १७ अप्रेल संन १९०९ का वैसाष शुदी १२ संा १९६५

**સન ૧૯૦૯માં પ્રકાશિત ઓરિજિનલ 'જગત હિતકારની'ની પ્રથમાવૃત્તિનું મુખ્ય પાનું.**
**પુસ્તકમાં અનુપદાસના પ્રેસનું નામ જોઈ શકાય છે.**

સન ૧૯૦૯માં તેણે 'જગત હિતકારની'ની પહેલી આવૃત્તિ છાપી હતી. આ પુસ્તકમાં દેશદ્રોહી અનુપદાસે અંગ્રેજ સરકારની કદમબોસી[11] કરવા ઉપરાંત, જૈનો સામે માત્ર અંગ્રેજો જ કામ પાડી શકે તેમ છે તેવા મસ્કા મારવાથી[12] અને પ્રજાના આઝાદી આંદોલનથી વિપરીત અંગ્રેજ સરકારને ખુલ્લો ટેકો આપવાથી તેના શિરપાવ રૂપે સન ૧૯૧૨માં તેને મુંબઈના ખ્યાતનામ ખેમરાજ

8. અત્યારે પણ ગુજરાતી જગત હિતકારણી પુસ્તક પ્રેસના નામઠામ વગર જ છપાયું છે.
9. આ એરણપુરા એટલે અત્યારનું શિવગંજ.

શ્રીકૃષ્ણદાસ સ્ટીમ પ્રિંટિંગ પ્રેસમાં બીજી આવૃત્તિ છાપવાની ખાસ પરવાનગી મળી હતી! પોતાની માલિકીનો જ પ્રિંટિંગ પ્રેસ હોવા છતાં બીજી આવૃત્તિ તે યુગના મુંબઈના ખ્યાતનામ પ્રેસમાં છપાવવાનું કારણ એ કે પહેલી આવૃત્તિનું છાપકામ ખૂબ નબળું હતું અને અનુપદાસે *તાકાતનું પ્રદર્શન કરવા,* નાખતાં તો પ્રિંટિંગ પ્રેસ નાખી દીધો હતો પણ પોતાના પછાત વિસ્તારમાં તે પ્રેસ ચલાવી શકે એવા કુશળ કારીગરો લાવી શક્યો નહોતો. ક્યાંથી લાવી શકે!

'जगत हितकारनी' પુસ્તક અંગે ખરોખરો રસપ્રદ સવાલ તો એ છે અનુપદાસ તદ્દન 'અંગૂઠાછાપ' હતો તો તેણે આ પુસ્તક લખ્યું કેવી રીતે? આનું સમાધાન એ છે કે અનુપદાસ બોલતો જતો હતો અને સામાન્ય અક્ષરજ્ઞાન ધરાવનારો તેનો એક સાગરીત લખતો જતો હતો અને એ રીતે આખું પુસ્તક તૈયાર થયું હતું. માટે જ આ પુસ્તકમાં ઢંગધડા વગરનાં લખાણો અને વારંવાર એકની એક વાતનું પિષ્ટપેષણ આવે છે!

આખું 'जगत हितकारनी' પુસ્તક ગંદકીથી ખદબદતું, સન્નેપાતના લવારા જેવું અને જૈનોને ***ચોર, રાક્ષસ, ઢેડ, બદમાશ, દુષ્ટ, હરામખોર, જાલિમ, કજાત*** વગેરે તરીકે ઓળખાવનારૂં છે.

– જી હા, ઉપરના ફકરામાં જણાવેલા આ બધા ***બોલ્ડ*** શબ્દો એણે પોતાના પુસ્તકમાં જૈનો માટે વાપર્યા છે.

'जगत हितकारनी' પુસ્તકમાં જગતના હિતમાં શી વાતો છે તેની તો ખુદ અનુપદાસને પણ ખબર નહીં હોય.

***

## ૪. અનુપદાસના પુસ્તકમાંથી કેટલાંક ઊડીને આંખે વળગે એવાં અવતરણો –

૧. આ **જૈન વાણિયાઓ** આવા તીર્થ સ્વરૂપી ઘરડા સ્ત્રી પુરુષને સંસારના હાથે ડાકણ-ડાકણ કરી મારી નખાવે છે. (પૃષ્ઠ નં. ૪૯)

૨. આ **જૈન વાણિયાઓએ** રાવણ કરતાં પણ વધુ પાપ ચલાવ્યું છે. (પૃષ્ઠ નં. ૧૧૩)

૩. જમીનમાતા પણ **જૈન સૌદાગરો**ના રાક્ષસીપાપના કારણે બિમારીઓ ભોગવી રહી છે. (પૃષ્ઠ નં. ૧૬૨)

૪. **આ વાણિયા બેઈમાનો લંકાના ઢેડ છે.** (પૃષ્ઠ નં. ૯૭)

૫. રાવણના સમયમાં આ પાપ લંકામાં જ પ્રગટ હતું. **તેથી વાણિયાઓને લંકાના ઢેડ** કહે છે. (પૃષ્ઠ નં. ૯૭)

૬. **આ વાણિયા એવા કજાત છે**, કે જેવી રીતે હિન્દુસ્તાનને અંદરો-અંદર લડાવીને બરબાદ કરી દીધું છે, એવી રીતે બધી વિલાયતોને આપસમાં લડાવીને બરબાદ કરી દેશે. આ વાણિયા ષડયંત્ર કરે છે. (પૃષ્ઠ નં. ૧૬૭)

૭. **આ વાણિયા એવા દુષ્ટ** અને **હરામખોર** છે, કે તે પોતાના પાપથી અટકતા નથી. (પૃષ્ઠ નં. ૧૩૨)

૮. **આ સૌદાગરોની માર-ઝૂડ કરીને તપાસ કરો.** (પૃષ્ઠ નં. ૭૬)

૯. તમે વાણિયાઓ રાત-દિવસ દુનિયાના નામનું પાપ કોઈ ટાપુ ઉપર કરાવી રહ્યા છો, તે નહીં બતાવો તો **અમે તમોને તમારા બાળ બચ્ચાં સાથે મારી નાખીશું.** (પૃષ્ઠ નં. ૭૬-૭૭)

૧૦. **આ સૌદાગરોને એવો-એવો ડર આપવાથી** થોડું ઘણું પાપ કરવાની જગ્યા બતાવશે. કારણ કે આ **જૈન સૌદાગર મહાજન ખૂબ કપટી** અને **અપ્રમાણિક** છે. (પૃષ્ઠ નં. ૭૭)

૧૧. જ્યાં સુધી સંસારના લોકો **આ સૌદાગર મહાજનોને સજા નહીં કરે ત્યાં સુધી** મહાજનો **પોતાના કુકર્મોને** છોડશે નહિ. (પૃષ્ઠ નં. ૭૭)

૧૨. આ **વાણિયાના ઘરોમાં ગુપ્ત પાપની વિદ્યા** પેઢી દર પેઢીથી ચાલી આવે છે. (પૃષ્ઠ નં. ૭૮)

૧૩. આ **વાણિયા થોડો ઘણો પ્લેગનો રોગ ચલાવીને પણ** સંસારના લોકોને બરબાદ કરી દે છે. (પૃષ્ઠ નં. ૧૦૭)

૧૪. દુનિયામાં બધા લોકોની વય ૧૨૫ વર્ષની છે. પરંતુ **આ સૌદાગરો કોઈને પણ પૂરી વય જીવવા દેતા નથી અને કાચી વયમાં મારી નાખે છે.** (પૃષ્ઠ નં. ૧૧૮)

૧૫. **રાવણ સંસારના હાથે દેવતાઓ ઉપર હાડ માંસ નંખાવી રહ્યો હતો, તેવી રીતે આ વાણિયાઓ પણ અત્યારે સંસારના હાથે દેવતાઓ પર હાડ માંસ નંખાવી રહ્યા છે.** (પૃષ્ઠ નં. ૧૩૦)

---

**10.** જુઓ, અનુપદાસ પોતે જ બિનધાસ્ત લખે છે : **'જે ધન વાણિયાઓએ રાક્ષસી પાપથી ભેગું કર્યું છે, તેને સંસારના લોકો બધા વહેંચી લઈને લઈ લેશો તો કોઈ દોષ નથી.'** (જગત હિતકારણી, પૃષ્ઠ ૧૯૧)

**11.** (a) 'દયાલુ મહારાજાધિરાજ પંચમ જૉર્જ બહાદુર કી ખિદમત મેં હાથ જોડકર અર્જ કરતા હૂં કિ....' (મૂળ હિન્દી जगत हितकारनीની ભૂમિકામાંથી)
(b) 'મૈં પરમ દયાલુ પરમેશ્વર તથા પ્રજારક્ષક અંગ્રેજ મહારાજ સે ફિર ભી પ્રાર્થના પૂર્વક કહતા હૂં કિ આપ મુઝ ગરીબ અનૂપદાસ કી ઇસ સર્વહિતકારની પ્રાર્થના કો સ્વીકાર કર મુઝે અનુગ્રહિત કરેંગે.' (મૂળ હિન્દી जगत हितकारनीની ભૂમિકામાંથી)

**12.** 'આ જાળ તમારા અંગ્રેજોનાં સંતાનોથી જ બંધ કરાવી શકાશે.' (જગત હિતકારણી પૃ. ૨૦૭)

૧૬. **આ મૂર્તિઓને કાઢવાનું, જમીનને ફાડવી, કાળ વગેરેનું પડવું, જાત-જાતની બિમારીઓનું થવું, ખજાના વગેરેને ખેંચવું, અક્કલ વગેરેને ફરવું, વરસાદનું ના થવું, નાની વયમાં મૃત્યુ થવું, આ બધું જાદુથી થઈ રહ્યું છે અને આ ઈન્દ્રજાળ જાદુ રાવણની માફક બલિરાજાના પછી આ વાણિયાઓએ ચલાવી રાખ્યું છે.** (પૃષ્ઠ નં. ૧૩૬) જેવી રીતે આ બધા પરચા થઈ રહ્યા છે, તે બધા **જૈન વાણિયાઓ**ના ચલાવેલા છે. (પૃષ્ઠ નં. ૧૩૬)

૧૭. **અદાલતમાં ન્યાય કરવાવાળાની બુદ્ધિ પણ રાક્ષસી પાપથી આ વાણિયાઓએ ફેરવી દીધી છે.** (પૃષ્ઠ નં. ૧૪૩)

૧૮. રાક્ષસી પાપથી વાણિયાઓએ સંસારના તમામ લોકોને જૂઠ્ઠાની જેવા કરી દીધા છે. (પૃષ્ઠ નં. ૧૪૭)

૧૯. **ન્યાયાધીશોની બુદ્ધિ અને સંસારના બધા લોકોની બુદ્ધિ આ વાણિયા મહાજનોએ પોતાના વશમાં કરી રાખી છે. તેથી ન્યાય કરવાવાળા લોકોને સાચા અને જૂઠ્ઠાની સમજ પડતી નથી.** (પૃષ્ઠ નં. ૧૪૭)

૨૦. આ વાણિયાઓ દરિયાઓની વચ્ચે કોઈ ટાપુ ઉપર ગુપ્ત પાપો કરાવી રહ્યા છે, કે જેથી દિવસે ને દિવસે દુનિયામાં ખરાબ થતું જાય છે. (પૃષ્ઠ નં. ૧૪૮)

૨૧. જે માણસે આ વાણિયાઓનું રાક્ષસી પાપ પકડ્યું હતું, તો એ જ સમયે તેમના રાક્ષસી પાપને છોડાવીને **વાણિયાઓને મારી નાખ્યા હોત, તો ફરીથી આ રાક્ષસી પાપ ચાલતું નહીં, પરંતુ ગુપ્ત પાપ કરવાવાળાને માર્યા નહિ તેથી** ગુપ્ત પાપ ચાલી રહ્યું છે. (પૃષ્ઠ નં. ૧૫૦)

૨૨. રાજાઓ તમારે એ વાત ધ્યાનથી સમજવી જોઈએ, કે જ્યાં સુધી એ પાપને નહિ છોડે ત્યાં સુધી **એમની પ્રજા સાથે કોઈને જીવતા ના છોડતા.** (પૃષ્ઠ નં. ૧૫૧)

૨૩. ''આ પુસ્તક કોઈ ધર્મની કે જ્ઞાનની બાબતે નથી'' (પૃષ્ઠ નં. ૧૬૨)

૨૪. જ્યારે માણસ મરવાનો થાય છે, ત્યારે **આ વાણિયા તેમના રાક્ષસીપાપથી મરવાવાળાની જીભને બોલતી બંધ કરી નાખે છે અને કાચી વયમાં જાદુથી મારી નાખે છે.** (પૃષ્ઠ નં. ૧૭૯)

૨૫. **જે ધન વાણિયાઓએ રાક્ષસી પાપથી ભેગું કર્યું છે, તેને સંસારના લોકો બધા વહેંચી લઈને લઈ લેશો તો કોઈ દોષ નથી.** (પૃષ્ઠ નં. ૧૯૧)

૨૬. આ વાણિયા સૂરજ-ચંદ્રમાને એવાં ગ્રહણ કરાવે છે, કે પહેલાંના જમાનામાં રાવણ સૂરજ-ચંદ્રમાને ગ્રહણ કરતો હતો. (પૃષ્ઠ નં. ૨૧૯)

૨૭. જમીનમાતાને કરોડો રોગ છે. તે આ વાણિયાઓએ જાદુની શક્તિથી કરેલાં છે. (પૃષ્ઠ નં. ૨૨૨)

૨૮. **આ વાણિયા લોકો તો પોતાના રાક્ષસી પાપથી વરસો વરસ ગ્રહણ પાડે છે.** અને ગ્રહણ વિશે ટીપણાંની અંદર અગાઉથી લખી જાહેર કરવામાં આવે છે. આ ટીપણાં વાણિયાઓએ ચલાવેલાં છે. (પૃષ્ઠ નં. ૪૧-૪૨)

૨૯. ઈન્દ્રજાળના પાપથી જાનવરોને પણ આ વાણિયા અત્યંત દુઃખ દે છે. અને **ચોરાસી લાખ પ્રકારના જીવાત્માઓને બેહદ સજા આપે છે.** (પૃષ્ઠ નં. ૪૨)

૩૦. આ વાણિયા જાદુથી ચોરાસી લાખ પ્રકારના જીવાત્માઓને મારે છે. જેનું પાપ ખૂબ થાય છે. **ખેતીવાડીમાં પણ જીવાતો ખૂબ પાડે છે.** (પૃષ્ઠ નં. ૪૨)

૩૧. આ જાદુખોર લોકો સંસારને જુદી જુદી રીતે ગેરમાર્ગે દોરે છે. તમે ઘુવડ નામના પક્ષીને મારીને તેની દવા બનાવી કોઈને પણ આંખોમાં નાખો અથવા કોઈ બીજાની સ્ત્રીનાં કપડામાં લગાવી દો, તો તે વ્યક્તિ તમારા કહેવામાં થઈ જાય, આવી આવી વાર્તા ચલાવી લોકોને ગેરમાર્ગે દોરે છે. (પૃષ્ઠ નં. ૪૨-૪૩)

૩૨. **દેવતાઓની સમાધીઓ ઉપર તેમના નામથી લોકો પોતાના હાથે જાનવરોને મારી બલી ચઢાવે છે.** તેઓ ધરમની પૂજા તો કરતા નથી. પણ જીવોને મારવા લાગે છે. આમાં સંસારના લોકોનો કોઈ દોષ નથી. કારણ કે તેમની બુદ્ધિ જાદુથી કેદ છે. (પૃષ્ઠ નં. ૪૩)

૩૩. આ વાણિયા લોકો પહેલાં તો પોતાના રાક્ષસી પાપથી સંસારના લોકોને બિમાર કરી દે છે. પછી એવું બતાવે છે કે દેવતાઓએ બિમાર કર્યા છે. કારણ દેવતા જાનવરોનો બલી માંગે છે. તે દેવતા ઉપર બકરાનો બલી ચઢાવો, ત્યારે તેમને આરામ થશે. પછી તે બિમાર વ્યક્તિ પોતાની બિમારીમાંથી છૂટવા માટે અને ડરીને **પોતાની જિંદગી ખાતર જાનવરનો બલી ચઢાવી દે છે. આવું કરવાવાળા લોકો વાણિયાના રાક્ષસી પાપથી ભૂલેલા છે.** (પૃષ્ઠ નં. ૪૩)

આવાં ઉટપટાંગ, બિનવૈજ્ઞાનિક, નિરાધાર, કપોળકલ્પિત, માનસિક વિકૃતિઓથી ભરેલાં અસંખ્ય વિધાનો ધરાવનાર આ પુસ્તક ઉપર પ્રતિબંધ મૂકવા માટે પૂરતાં કારણો છે. ખરેખર તો આ પુસ્તકનું નામ 'જગત હિતકારણી' એમ નહીં પણ ***'જૈન અહિતકારિણી'*** હોવું જોઈતું હતું.

***

## ૫. અનુપદાસના પુસ્તકમાંથી સવાસોથી વધુ નમૂનારૂપ વાંધાજનક અવતરણો –

**નોંધ :** દરેક અવતરણના અંતે કાઉન્સમાં આપેલો નંબર તે 'જગત હિતકારણી' પુસ્તકની ગુજરાતી આવૃત્તિનો પાના નંબર છે.

૧. **આ જૈન વાણિયાઓની જાળના લીધે દેશ-વિદેશમાં સોના-ચાંદીની ખાણો રહી નથી.** (૪૦)

૨. સોના-ચાંદીની ખાણો આકાશ-પાતાળમાં પણ રહી નથી. (૪૦)

૩. બલિ રાજાના સમયમાં તો ***વગર ખેતી કરે અને વાવે એટલું બધું*** અનાજ પેદા થતું હતું કે કોઈ અંદાજ ન હતો. (૪૧)

૪. બલિરાજાના સમય પછી **આ વાણિયાઓ ઈન્દ્રજાળનું પાપ ચલાવીને** ધરતીમાતાને ખૂબ દુઃખ આપી રહ્યા છે. (૪૦)

૫. બલિરાજાના સમય પછી આ સૌદાગર મહાજનો એ ઈન્દ્રજાળનું પાપ કરી દુનિયાનું ખરાબ કરવાનું શરૂ કર્યું છે. (૪૧)

૬. **આ વાણિયા લોકો તો પોતાના રાક્ષસી પાપથી વરસો વરસ ગ્રહણ પાડે છે.** અને ગ્રહણ વિશે ટીપણાંની અંદર અગાઉથી લખી જાહેર કરવામાં આવે છે. આ ટીપણાં વાણિયાઓએ ચલાવેલાં છે. (૪૧-૪૨)

૭. પહેલાંના જમાનામાં લોકો ખેતીવાડી વગેરે કરતા નહોતા. ખેતી કર્યા વગર જ અનાજ વગેરે પેદા થતું હતું. (૪૨) જ્યારથી સૌદાગર મહાજનોએ કાળ પડાવવાનું શરૂ કર્યું છે ત્યારથી ખેતીવાડી કરવાની જરૂર પડી છે. (૪૨)

૮. દુનિયા ભરના લોકોની બુદ્ધિ આ સૌદાગર મહાજનોએ પોતાના રાક્ષસી પાપથી ખરાબ કરી દીધી છે. (૪૨)

૯. ઈન્દ્રજાળના પાપથી જાનવરોને પણ આ વાણિયા અત્યંત દુઃખ દે છે. અને ચોરાસી લાખ પ્રકારના જીવાત્માઓને બેહદ સજા આપે છે. (૪૨)

૧૦. **આ વાણિયા જાદુથી ચોરાસી લાખ પ્રકારના જીવાત્માઓને મારે છે.** જેનું પાપ ખૂબ થાય છે. ખેતીવાડીમાં પણ જીવાતો ખૂબ પાડે છે. (૪૨)

૧૧. આ વાણિયાઓનું નામ જાદુખોર રાખ્યું છે. કારણ કે આ જાદુખોર લોકો જમીનમાતાનું પાપ કરાવીને જમીનમાં આગ પણ લગાડે છે. જેનાથી કરોડો જીવ બળી જાય છે. (૪૨)

૧૨. આ જાદુખોર લોકો સંસારને જુદી જુદી રીતે ગેરમાર્ગે દોરે છે. તમે ઘુવડ નામના પક્ષીને મારીને તેની દવા બનાવી કોઈને પણ આંખોમાં નાખો અથવા કોઈ બીજાની સ્ત્રીનાં કપડામાં લગાવી દો, તો તે વ્યક્તિ તમારા કહેવામાં થઈ જાય, આવી આવી વાર્તા ચલાવી લોકોને ગેરમાર્ગે દોરે છે. (૪૨-૪૩)

૧૩. આ વાણિયા લોકોએ પહેલાં તો રાક્ષસી પાપથી બધાની બુદ્ધિ ખરાબ કરી દીધી છે. એટલે લોકો દયા ધરમ પણ જાણતા નથી. (૪૩)

